LALKHA STRIKERS WON BY 66 RUNS AND MAN OF THE MATCH JASH PARIKH FOR SCORING 70 RUNS IN 22 BALLS.

MATCH 17 BERA STALLIONS (147/2 RUNS IN 7 OVERS) VS BERA LEGENDS (103/5 RUNS IN 7 OVERS)

BERA STALLIONS WON BY 44 RUNS AND MAN OF THE MATCH ROHAN DHARIA FOR SCORING 73 RUNS IN 25 BALLS.

MATCH 18 BERA SPARTANS (107/1 RUNS IN 5 OVERS) VS BERA WARRIORS (76/4 RUNS IN 5 OVERS)

BERA SPARTANS WON BY 31 RUNS AND MAN OF THE MATCH JIGAR PARIKH FOR BOWLING 1-0-3-2.

MATCH 19 LALKHA STARS (138/3 RUNS IN 7 OVERS) VS LALKHA MAVERICKS (108/4 RUNS IN 7 OVERS)

LALKHA STARS WON BY 30 RUNS AND MAN OF THE MATCH HEET PARIKH FOR SCORING 74 RUNS IN 25 BALLS.

1$^{ST}$ SEMI FINAL BERA LEGENDS (140/5 RUNS IN 7 OVERS) VS LALKHA STARS (141/3 RUNS IN 6.1 OVERS)

LALKHA STARS WON BY 4 WKTS AND MAN OF THE MATCH DRUMIL KACHERIA FOR SCORING 78 RUNS IN 26 BALLS.

2$^{ND}$ SEMI FINAL LALKHA STRIKERS (147/3 RUNS IN 7 OVERS) VS BERA STALLIONS (78/5 RUNS IN 7 OVERS)

LALKHA STRIKERS WON BY 69 RUNS AND MAN OF THE MATCH JASH PARIKH FOR SCORING 79 RUNS IN 26 BALLS.

GRAND FINALE LALKHA STRIKERS (136/6 RUNS IN 7 OVERS) VS LALKHA STARS (30/7 RUNS IN 4.1 OVERS)

LALKHA STRIKERS WON THE FINAL BY 106 RUNS AND MAN OF THE MATCH AMAN DHARIA FOR SCORING 69 RUNS IN 21 BALLS.

BEST BOWLER OF THE TOURNAMENT RIKIN KACHARIA FOR 11 WKTS

BEST BATSMAN OF THE TOURNAMENT ROHAN DHARIA FOR SCORING 255 RUNS

MAN OF THE SERIES OF THE TOURNAMENT AMAN DHARIA FOR HIS ALL ROUND PERFORMANCE BY SCORING 183 RUNS AND TAKING 5WKTS.

THANKS TO SHRI.ALPESH Y DHARIA FOR JERSEY SPONSORSHIP TO ALL THE PARTICIPANTS.

THANKS TO SHRI.RUPINBHAI KADAKIA FOR SPOSNOSRSHIP OF RS.11000/- FOR THE TOURNAMENT.

THANKS TO SHRI.KEVIN DHARIA FROM URBAN SPORTS FOR HIS SUPPORTS TO CONDUCT THE TOURNAMENT AT VENUE.

SPECIAL THANKS TO ALL THE WOMEN'S AND KIDS FOR THEIR PARTICIPATION IN LARGE AND MAKING THIS EVENT A GRAND SUCCESS.

THANKS TO ALL THE MEN'S FOR THEIR PARTICIPATION IN LARGE AND MAKING THIS TOURNAMENT A GRAND SUCCESS.

THANKS TO OFFICE BEARERS, CO-ORDINATOR AND ENTIRE CRICKET COMMITTEE MEMBERS WHO ALL ARE BEHIND THE SUCCESS OF THIS TOURNAMENT BY GETTING ALMOST 125 PARTICIPANTS TO GRACE THIS EVENT.

| Secretary | Co-Ordinator | Convenor |
|---|---|---|
| Shri Alpesh Dharia | Shri Ripal Parikh | Shri Apurv Dharia |

# Dr. Rita Gandhi

## Holistic Wings

## - Mind Body & Soul

Reach out to me for personal consultations and group lectures on Natural Lifestyle for your robust health.

***Also expertise in***

- **Nutritional Counselling**
- **Alternate Therapy**
- **Health & Wellness Talks**
- **Oil/Fat Free Herbal/Vegan/Vegetarian Cooking Classes**
- **Healing with Colours, Chakras and Grahas**
- **Reiki Grand Master**
- **Ramal Shastra Astrologer**

Healed many people of their health aliments with Natural Lifestyle changes.

***Connect for more details :***

**Mobile No. : +91 9987390705**

**Email : rmgandhi54@gmail.com**

**Consultation with prior appointment**

# ગુગળ

- ડૉ. રીટા ગાંધી

ગુગળ એવી વસ્તુ છે જેને લોકો પૂજા પાઠમાં વાપરતા હોય છે. સામાન્ય રીતે તેનો ઉપયોગ ધૂપ કરવામાં થાય છે. ગુગળ જંગલમાંથી મળે છે. હકીકતમાં તે એક સુગંધી વનસ્પતિનો ગુંદર હોય છે.

શુધ્ધ ગુગળની કિંમત ખૂબ જ વધારે હોય છે. બજારમાં ભેળસેળ યુક્ત ગુગળ મળે તેવી પણ શક્યતા હોય છે. તેથી તેની ખરીદીમાં ખાસ ધ્યાન રાખવું.

ગુગળ શુધ્ધ છે કે નહીં તે જાણવાના બે રસ્તા છે. શુધ્ધ ગુગળ અગ્નિમાં બળી જાય છે અને ગરમ પાણીમાં તરત જ ઓગળી જાય છે.

ગુગળનો ઉપયોગ કરીને કેટલાક રોગને પણ મટાડી શકાય છે. ગુગળના ઝાડ સૌરાષ્ટ્ર-કચ્છ અને મારવાડના સૂકા પ્રદેશમાં સૌથી વધુ જોવા મળે છે.

આ ઝાડના થડમાં ચીરો કરવાથી જે રસ નીકળે તેને ગુગળ કહેવાય છે. તેમાં થતા ફળ પણ ખુશ્બુદાર હોય છે. તેને મોઢામાં રાખવાથી મોઢું ચોખ્ખું થાય છે અને સુગંધિત રહે છે.

ગુગળ સ્વાદમાં કડવો હોય છે પરંતુ તે અનેક રોગોને મટાડનાર છે. તેનાથી વાયુના રોગ, ભગંદર જેવી સમસ્યા, તૂટેલા હાડકા, વધારે વજન, પિત્ત, કફ જેવી સમસ્યાઓ દૂર થાય છે. તો ચાલો તમને જણાવીએ ગુગળ થી થતા લાભ અને તેના ઉપાયો વિશે.

D ઘરમાં નિયમિત ગૂગળનો ધૂપ કરવાથી હવા ચોખ્ખી રહે છે અને જીવજંતુઓ અને મેદ ઘટે.

D ત્રિફળા ગુગળની બે-બે ગોળી સવારે અને સાંજે લેવાથી ભગંદર, નાસુર, રક્તવિકાર અને મેદ ઘટે.

D કાંચનાર ગુગળની બે બે ગોળી સવારે અને સાંજે લેવાથી ગળાની કંઠ માળની ગાંઠ ઓગળી જાય છે.

D મેદોહર ગૂગળ અથવા ત્રિફળા ગુગળની ગોળીનો ભૂકો સવારે અને સાંજે લેવાથી મેદ ઘટે છે.

D સાંધાના દુ:ખાવાને દૂર કરવા માટે મહાયોગરાજ ગુગળ, મેદોહર ત્રિફળા ગુગળ અને કિશોર ગુગળ લેવો.

D બદલાતા વાતાવરણના કારણે થતાં વાયરલ અને ચેપી રોગોથી બચવા માટે સવારે અને સાંજે ઘરમાં ગૂગળનો ધૂપ કરવો. તેનાથી ઘરનું વાતાવરણ શુધ્ધ થશે અને વાયરલ રોગોથી પણ બચી શકાશે.

D આ સિવાય લીલા ગુગળને ગરમ પાણીમાં ઓગાળી ત્રણ વખત લેવાથી ચરબીના કારણે થયેલી ગાંઠ મટી જાય છે.

✲ ✲ ✲


**શાસ્ત્રી ગોપાલભાઈ ભટ્ટ (ગોર)**

**SANKALP ASTROLOGIST CONSULTANT**
**JYOTIRVID (MUMBAI)**

**જ્યોતિષ વિશારદ, કર્મકાંડ વિશારદ**
**(મૂડેતી - અમદાવાદ)**

જ્યોતિષ, મેળાપક, ગ્રહોના જપ, મંડપ મહુર્ત,
ગ્રહશાંતિ, લગ્ન વિધિ, વાસ્તુ શાંતિ, નક્ષત્ર શાંતિ,
શ્રીમંત સંસ્કાર, નવચંડી યજ્ઞ, પિતૃદોષ શાંતિ,
નારાયણ બલી, ડાઉઝિંગ ટેલી થેરેપી દ્વારા
વિવિધ જ્યોતિષ ને લગતા પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન,
વેદોક્ત પુરાણોક્ત,
શાસ્ત્રોક્ત પુષ્ટિમાર્ગ વિધિ વિધાનથી પૂજન
સંતોષપૂર્વક કાર્ય કરનાર
૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી,
બાણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬
**મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨**
**Email : bhattgopal59@gmail.com**

# ગરમીમાં શરીરને ઠંડક બક્ષતું પાણીદાર ફળ 'સફેદ જાંબુ'

- પ્રશાંત સુરેશચંદ્ર પરીખ (લઠ્ઠાપારેખ)

ઉનાળો શરૂ થાય તેની સાથે કાળઝાળ ગરમીના દિવસો ઘણા આકરા લાગે. પ્રત્યેક વ્યક્તિ પરસેવે રેબઝેબ થતો જોવા મળે. પાણી વારંવાર પીવાની ઈચ્છા થાય. તેમાં ઠંડુ પીવાની ઈચ્છા રોકી શકવી મુશ્કેલ બની જતી હોય છે. આવા સંજોગોમાં લગભગ બધાં જ ઘરોમાં શરીરને ઠંડક આપે તેવા ફળ-ફળાદિ ખાવાનો આગ્રહ રાખવામાં આવતો હોય છે. ગરમીની દિવસોમાં ખાસ મળતું પાણીદાર ફળ એટલે 'સફેદ જાંબુ.'

તેથી જ આપણે ત્યાં તો એવું કહેવાય છે કે મોસમી ફળ ખાવાથી શરીરની તંદુરસ્તી જળવાઈ રહે છે. ઉનાળાની શરૂઆત થવા લાગે તેમ બજારમાં સક્કરટેટ્ટી તથા તડબૂચની લારીઓ ઠેર ઠેર ફરતી જોવા મળતી હોય છે. એપ્રિલ-મે ની શરૂઆત થતાં બજારમાં ફળોના રાજા કેરીની સાથે સ્વાસ્થ્યને ઠંડક આપે તેવાં અન્ય વિશિષ્ટ ફળો પણ જોવા મળતાં હોય છે. જેમ કે ફાલસા, રાયણ, જાંબુ, ચેરી વગેરે. જાંબુ એક એવું ફળ છે કે જે બજારમાં થોડા સમય પૂરતું જ દેખાય છે.

બાંગ્લાદેશમાં સફેદ જાંબુ ને 'ગોપાલ જાંબુ' કહેવામાં આવે છે. કોલકત્તામાં તેને 'ગુલાબ જાંબુ' તરીકે ઓળખવામાં આવે છે. ફિલિપાઈન્સમાં તેને 'માકોપા' તરીકે ઓળખાય છે. અંગ્રેજીમાં તેને 'વૅક્સ એપલ, લવ એપલ, જાવા એપલ, રોઝ એપલ કે વૅક્સ જાંબુન' તરીકે ઓળખાય છે. સફેદ જાંબુનો આકાર ઘંટ જેવો હોવાને કારણે તેને 'બેલ-ફૂટ' પણ કહેવામાં આવે છે. પાણીદાર હોવાને કારણે તેને 'વૉટર-એપલ' પણ કહેવામાં આવે છે.

તે મધ્યમ કદનું સદાહરિત વૃક્ષ છે, જે લગભગ ૬-૧૨ મીટર (૨૦-૪૦ ફૂટ) જેટલું ઊંચુ, સાથે પહોળું અને ખુલ્લો પર્ણમુકુટ ધરાવે છે. સામસામે ચર્મિલ પર્ણો લગભગ અદંડી, લંબચોરસ થી ઉપવલયી, પીળા કે પીળાશ પડતાં સફેદ ફૂલો સાથે અસંખ્ય પુંકેસરો ૩ થી ૪ ઝૂમખામાં જોવા મળે છે. સફેદ, ગુલાબી કે લાલાશ પડતાં જમરૂખ આકાર ફળો જોવા મળે છે. જેની ઉપર પાતળુ મીણ જેવું આવરણ હોય છે. વચ્ચેનો માંસલ ભાગ સુગંધી, મીઠો, કડક કે સ્પંજ જેવો સાથે ૧ કે ૨ બીજ હોય છે અથવા બીજ જોવા નથી મળતા.

સફદ જાંબુનો પાક પહેલાં આંદામાન-નિકોબારમાં જોવા મળ્યો હતો. ગુલાબના પાંદડાના સ્વાદ જેવી સુંગધ તથા સ્વાદ હોવાને કારણે તેને 'રૉઝ-એપલ' તરીકે પણ ઓળખાય છે. સલાડ બનાવવામાં તેનો મોટા પ્રમાણમાં ઉપયોગ થતો હોય છે. કલકત્તા શહેરનું સૌથી લોકપ્રિય ફળ પણ ગણાય છે.

સફેદ જાંબુની ખેતી ભારતનાં વિવિધ રાજ્યોમાં હવે થવા લાગી છે. સફેદ જાંબુ તેના હટકે દેખાવને કારણે પણ અત્યંત આકર્ષક લાગે છે. ગુલાબી રંગની ઝાંયવાળા સફેદ જાંબુ સ્વાદમાં શ્રેષ્ઠ હોવાની સાથે એક મનમોહક સુગંધ પણ ધરાવે છે. સફેદ જાંબુનો ઉપયોગ વિવિધ તાજા ખાવામાં કે સલાડમાં ભેળવીને કરી શકાય છે. જામ, જેલી તથા અથાણાં બનાવવામાં પણ તેનો ઉપયોગ થાય છે. તેના વૃક્ષની છાલનો ઉપયોગ હર્બલ દવા બનાવવામાં પણ કરવામાં આવે છે. વૃક્ષની છાલમાં લાકલોઈડ નામક કમ્પાઉન્ડ સમાયેલું છે. જે ડાયાબિટીસના દર્દી માટે ગુણકારી ઈલાજ ગણાય છે.

કેરળ તથા તામિલનાડુમાં પણ તેના પાક ભરપૂર પ્રમાણમાં લેવામાં આવે છે. સફેદ જાંબુના ઝાડની ખાસ વાત એ છે કે એક વખત વૃક્ષારોપણ કર્યા બાદ આપ લગભગ ૩૦ થી ૩૫ વર્ષ સુધી સફેદ જાંબુનો પાક મેળવી શકો છો. જાંબુનો પાક ઝડપથી બગડી જતો હોવાને કારણે તેને ત્વરિત બજારમાં પહોંચતા કરવા

પણ જરૂરી છે. બગડી જતાં બચાવવા માટે તેને કપડાંની થેલીમાં યોગ્ય ઠંડક મળી રહે તેવી જગ્યામાં રાખવા આવશ્યક છે. સંપૂર્ણપણે પરિપકવ થયેલા એક વૃક્ષ ઉપર સિઝનમાં સરેરાશ ૬૦૦ થી ૭૦૦ ફળ મેળવી શકાય છે.

સફેદ જાંબુના માવામાં અનેક સ્વાસ્થ્યવર્ધક ગુણો સમાયેલા જોવા મળે છે. તેથી ઉનાળામાં સફેદ જાંબુનો ઉપયોગ ભરપૂર કરવાથી આરોગ્ય જળવાઈ રહેશે.

### વિટામિન 'સી' થી ભરપૂર

ત્વચાની તંદુરસ્તી જાળવવા વિટામિન 'સી' ની શરીરને અત્યંત જરૂર પડતી હોય છે. વિટામિન 'સી' ની માત્રા શરીરમાં પૂરતા પ્રમાણમાં રહે તો રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. ૧૦૦ ગ્રામ સફેદ જાંબુમાં ૨૨.૩ માઈક્રોગ્રામ વિટામિન 'સી' ની માત્રા સમાયેલી હોય છે.

### ડાયેટરી ફાઈબરની માત્રાથી ભરપૂર

ચયાપચયની પ્રક્રિયાને જાળવવામાં ડાયેટરી ફાઈબરની માત્રા ઉપયોગી ગણાય છે. ડાયેટરી ફાઈબરની માત્રા પૂરતા પ્રમાણમાં હોય ત્યારે શરીર વિવિધ રોગ જેવા કે ડાયાબિટીસ, કબજિયાત તથા મોટાપા જેવા રોગથી બચી શકાય છે. ડાયાબિટીસના દર્દીઓને કેરી, કેળા, ચીકુ જેવા ફળ ખાવાની ઝડપથી નિષ્ણાત ડૉક્ટરો પરવાનગી આપતા નથી. જ્યારે જાંબુ તેમના માટે ગુણકારી ફળ ગણાય છે.

### વિટામીન 'એ' થી ભરપૂર

આજકાલ સતત મોબાઈલ લેપટોપ કે ટેલિવિઝન જોવાને કારણે આંખોનું તેજ ઘટવાની કે નાની વયમાં ચશ્માંની સમસ્યા કે મોતિયાની તકલીફના કેસ વધતા જોવા મળે છે. આવા સંજોગોમાં જો શરીરમાં વિટામિન 'એ' ની માત્રા જળવાઈ રહે તો આંખોનું સ્વાસ્થ્ય જાળવવામાં મદદ મળે છે. સફેદ જાંબુમાં વિટામિન 'એ' ની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. જેનો ઉપયોગ કરવાથી આંખોની તંદુરસ્તી જાળવવામાં મદદ મળે છે.

### કેલ્શિયમની માત્રા સારા પ્રમાણમાં

કેલ્શિયમ શરીર માટે અત્યંત આવશ્યક ન્યુટ્રિઅન્ટ ગણાય છે. શરીરમાં કેલ્શિયમની માત્રા યોગ્ય પ્રમાણમાં જળવાઈ રહે તો હાડકાં તથા દાંતની તંદુરસ્તી જળવાઈ રહે છે. ત્વચા પણ ચમકદાર બની રહે છે. કેલ્શિયમની ઊણપને કારણે નાની વયમાં પણ હવે દાંતની તકલીફ કે હાડકાં બરડ બનવા કે ઘૂંટણમાં દુખાવાની તકલીફના કિસ્સા સાંભળવા મળે છે. ૧૦૦ ગ્રામ સફેદ જાંબુમાં ૨૯ ટકા માઈકોગ્રામ કેલ્શિયમની માત્રા સમાયેલી જોવા મળે છે.

### પોટેશિયમના પોષક ગુણોથી ભરપૂર

શરીરમાં પૂરતા પ્રમાણમાં પ્રવાહી જળવાઈ રહે તથા ઈલેક્ટ્રોલાઈટની માત્રા જળવાઈ રહે તે આવશ્યક છે. સફેદ જાંબુમાં પોટેશિયમની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી છે. ટૂંકમાં કહીએ તો સફેદ જાંબુ અત્યંત રસદાર ફળ છે. જો શરીરમાં પોટેશિયમની ઊણપ હોય તો તે દૂર કરવામાં મદદ કરે છે. ૧૦૦ ગ્રામ સફેદ જાંબુમાં ૯૩ ગ્રામ પાણીની માત્રા સમાયેલી છે. આથી જ ગરમીમાં તેનો ઉપયોગ છૂટથી કરવાથી શરીરમાં પાણીની માત્રા જળવાઈ રહે છે.

### ફંગલ ઈન્ફેક્શનથી બચાવવામાં મદદરૂપ

સફેદ જાંબુમાં એવું ઓર્ગેનિક કમ્પાઉન્ડ સમાયેલું છે જે ફંગલ ઈન્ફેક્શન કે માઈક્રોબ્સ ઈન્ફેક્શનને કે પેટમાં થતાં કીડાને દૂર કરવામાં મદદ કરે છે. ચયાપચયની પ્રક્રિયાને સરળ બનાવવામાં પણ સફેદ જાંબુનો આહારમાં ઉપયોગ ફાયદાકારક ગણાય છે.

### હૃદયની તંદુરસ્તી જાળવવામાં મદદરૂપ

સફેદ જાંબુમાં ડાયેટરી ફાઈબરની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી છે. જે લોહીમાં કોલેસ્ટ્રોલની માત્રા જાળવવામાં મદદ કરે છે. જો કોલેસ્ટ્રોલની માત્રા લોહીમાં વધી જાય તો વ્યક્તિને હૃદય રોગ કે હૃદય સંબંધિત રોગ થવાની શક્યતા વધી જતી હોય છે.

* * *

# સમર વેકેશનમાં રમાડો નવી નક્કોર રમત

જ્યોતિપુંજ તમારી સમક્ષ પ્રસ્તુત કરે છે. નવી-નક્કોર રમત. ઉત્સન દર્પણ હરિફાઈ. મિત્રોને ભેગા કરો. દરેક ને પંચાગ - શ્રી ઉત્સવ - ઉત્સવ દર્પણ આપો અને સમજાવીને પ્રશ્ન પત્ર આપો. દરેકે પોતાના પંચાંગનો ઉપયોગ કરી પૂછેલા પ્રશ્નોના જવાબ ૧૦ મિનીટમાં આપવાના રહેશે. જીતનારને નક્કી કરેલા ઈનામ આપો. પહેલા પાંચ, દસ વગેરે (તેમણે મેળવેલા માર્કસના આધારે)

## ઉત્સવ - દર્પણ હરિફાઈ

**માર્કસ - ૪૦**

**નામ :** ______________________________ **સમય : ૧૦ મિનીટ**

**પંચાંગ વિ.સં. ૨૦૭૯ ઉત્સવ-દર્પણમાંથી નીચે પૂછેલા પ્રશ્નોના જવાબ લખો.** **માર્કસ**

૧) નાળિયેરી પૂર્ણિમાના તિથી, તારીખ અને વાર લખો ? (૩)

૨) એક અઠવાડિયાના કુલ ચોઘડિયા કેટલા છે ? ચોઘડિયા કયા કયા છે ? તેના નામ લખો ? (૪)

૩) દેવદિવાળી એ કોના વિવાહ થાય છે ? તે દિવસનાં ગ્રહણનું નામ લખો ? (૨)

૪) ૪-૧૧-૨૦૨૩નું નક્ષત્ર અને તેનો સમય લખો ? (૨)

૫) કન્યા અને કર્ક રાશીના અક્ષરો લખો ? (૫)

૬) ધૂળેટીના દિવસની ઋતુ અને અંગ્રેજી મહિનાનું નામ લખો ? (૨)

૭) શારદીય નવરાત્રિની ઋતુ તેમજ ઘટસ્થાપના, સૂર્યોદય, સૂર્યાસ્ત અને ચિત્રા નક્ષત્રનો સમય લખો ? (૫)

૮) ૨૪ ઓક્ટોબરના તહેવાનું નામ લખો ? (૧)

૯) પુરુષોત્તમ માસનો પ્રારંભ કઈ તારીખ, કઈ તિથીએ થાય છે ? (૩)


૧૦) કુલ રાશિ કેટલી છે અને તેના નામ લખો ? (૭)

૧૧) ૧૬ ફેબ્રુઆરીના પાના પર આપેલું સુવાક્ય લખો ? (૨)

૧૨) માગસર તથા ભાદરવા મહિનાની વ્રતની સુદ એકાદશી અને જેઠ તથા ફાગણ મહિનાની વ્રતની વદ એકાદશીના નામ લખો ? (૪)

# મોહે રંગ દે

અન્વી નિલેશકુમાર દેસાઈ (તેલવાલા)



(સંકલન)

# જીવન : એક ખેલ

- કીરીટ ધારીઆ (પ્રતિક્રમા)

શાસ્ત્રોમાંથી એક મહાન સંદેશ આપણને હંમેશા મળતો રહ્યો છે કે માણસની સર્વ સંપત્તિનો સ્ત્રોત પરમાત્મા છે. તેને સામગ્રી પૂરી કરનાર ભગવાન છે અને દરેક માંગણી માટે પુરવઠા હોય છે. તમારે સંપૂર્ણ શ્રધ્ધા રાખવી જોઈએ અને એ શ્રધ્ધા કાર્યાન્વિત કરવી જોઈએ. ભગવાન તમારી રક્ષા કરે છે અને તેના રાજ્યમાં કદી વધારે પડતું મોડું થતું નથી.

માણસ સફળતાની ઈચ્છા કરે અને નિષ્ફળતા માટે તૈયારી કરે તો તેને નિષ્ફળતા જ મળવાની. માણસે જે વસ્તુની માંગણી કરી હોય તે માટે જ તૈયારી કરવી જોઈએ. એ માટેનાં કોઈ ચિન્હો ક્યાંય કળાતાં ન હોય તો પણ.

મનુષ્યને તે જ મળે છે, જે પોતે મેળવતો હોવાનું મનમાં નિહાળે છે. દરેક મહાન સિધ્ધિ તેની કલ્પનાને મનમાં દ્રઢીભૂત કરવાથી જ સાકાર બને છે અને ઘણીવાર મોટી સિદ્ધિ મળતાં પહેલાં નિષ્ફળતા અને હતાશા ઘેરી વળે એવું પણ બને છે. પણ જેઓ આધ્યાત્મિક નિયમ જાણે છે તે આ દેખીતી નિષ્ફળતાથી વિચલિત થતા નથી. તેઓ તો સિધ્ધિ મળી જ ગઈ હોય એમ આનંદ મનાવે છે. અને પરમાત્માનો આભાર માને છે. ઘણીવાર માણસને બદલે તેનો મિત્ર આવી દ્રઢતા દર્શાવી શકે તો પણ કામ થાય છે.

માણસને પોતાની નિષ્ફળતા દેખાતી હોય ત્યાં આ મિત્ર સફળતા જોઈ શકે છે અને શંકાશીલ બનતો નથી. એક માણસ બીજા માણસ માટે આ કરી શકે છે. આથી માણસને પોતાનું મન ડામાડોળ થતું હોય ત્યારે બીજાની સલાહ માંગતા તેણે કદી અચકાવું જોઈએ નહિ. જીવન-પ્રક્રિયાના એક નિરીક્ષકે તો એટલે સુધી કહેલું કે દુનિયામાં એક પણ માણસ જો તમને સફળરૂપે જોતો હોય તો તમે કદી નિષ્ફળ નહિ થાવ. આથી જ ઘણા મહાન માણસોની સફળતા તેમની પત્ની કે તેમના મિત્ર કે કોઈ સ્વજને તેમનામાં મૂકેલી શ્રધ્ધાને આભારી હોય છે. આ એક સમૃદ્ધિનો નિયમ છે.

ત્રીજા અને પોતાના ઉચ્ચારેલા શબ્દો વડે માણસ સતત પોતાને માટે નિયમો બનાવતો રહે છે. જે માણસ શબ્દની શક્તિને ઓળખે છે, તે વાતચીતમાં ઘણો સાવધ રહે છે.

હું એક માણસને ઓળખું છું. તે હંમેશા કહેતો,'હું જેવો સ્ટોપ પર પહોંચુ કે હંમેશા બસ ઉપડી જ ગઈ હોય છે.'

તેની દીકરી કહેતી,'મેં કોઈ દિવસ બસ ગુમાવી નથી. જેવી હું સ્ટોપ પર પહોંચુ કે બસ આવી જ હોય છે.'

આવું વરસો સુધી ચાલેલું. એ બંન્નેએ પોતાના જુદા નિયમો બનાવેલા. એકે નિષ્ફળતાનો, બીજાએ સફળતાનો.

(ભાગ - ૩)

અંધશ્રધ્ધા કે વહેમ આ જ માણસ કામ કરતું હોય છે. લોકો કેટલીક વસ્તુને શુકનિયાળ ને બીજી વસ્તુઓને અપશુકનિયાળ લેખતા હોય છે. પણ ખરી રીતે તો દરેક વસ્તુ પાછળ ભગવાનની શક્તિ જ આવી રહેતી હોય છે. અને તેથી કોઈ વસ્તુ અપશુકનિયાળળ નથી, કશું જ અનિષ્ટ નથી.

પરમાત્મા એક જ છે. તે શુભ છે. માણસ પોતે પોતાના ખ્યાલથી અશુભ ઊભું કરે છે. અશુભની પોતાની કોઈ શક્તિ નથી. આવું ઘણીવાર બને છે. માણસને જેનો ભય લાગે તે કરવાનું તે નક્કી કરે.

આ અવરોધનો નિયમ છે. જેને બહુ ઓછા લોકો સમજે છે. ભયની સ્થિતિનો નિર્ભયતાથી સામનો કરો અને સામનો કરવા પરિસ્થિતિ રહેતી જ નથી. પોતાના જ વજનથી તે તૂટી જાય છે.

માણસ એકવાર શબ્દની શક્તિ સમજે પછી તે શબ્દો વિશે અસાવધ રહી શકતો નથી. એક જૂની કહેવત છે કે માણસે પોતાના શબ્દો ત્રણ હેતુઓ માટે વાપરવા જોઈએ. સાજા કરવા, આશિર્વાદ આપવા અથવા સમૃધ્ધ થવા. તે કોઈનું ખરાબ નસીબ ઈચ્છે તો પોતાના માટે જ ખરાબ નસીબ નોતરે છે. સફળતા ઈચ્છો તો પોતાની જ સફળતા ભણી આગળ વધે છે.

✲ ✲ ✲

# સબરીમાલા મંદિર

- નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)

વર્ષમાં માત્ર ૩ મહિના ખુલે છે સબરીમાલા મંદિર, દર્શનના નિયમ જાણીને છૂટી જાય છે પરસેવો.

જાણો શું છે સબરીમાલા મંદિરમાં દર્શનની પ્રક્રિયા, કેવા કઠોર નિયમો પાળ્યા પછી થાય છે દર્શન.

કેરળમાં સબરીમાલા ગામમાં આવેલું સબરીમાલા મંદિર ઘણું વિશેષ છે. તે પોતાના કઠોર નિયમોને લઈને પણ ઓળખાય છે. અહીં ઘણા કડક નિયમોનું પાલન કરીને સબરીમાલા મંદિરના દર્શન થાય છે. આ સબરીમાલા મંદિરમાં દર્શન પહેલા કડક નિયમોનું પાલન કરવું પડે છે, જે પુરા કરવા દરેક માટે શક્ય નથી. આવો જાણીએ શબરીમાલા મંદિર સાથે જોડાયેલી કેટલીક ખાસ બાબતો.



સબીમાલા મંદિર શ્રધ્ધાળુઓ માટે વર્ષમાં માત્ર નવેમ્બરથી જાન્યુઆરી સુધી ખુલે છે. બાકી મહિનામાં તેને બંધ રાખવામાં આવે છે. ભક્ત પંપા ત્રિવેણીમાં સ્નાન કરે છે અને દીવો પ્રગટાવીને નદીમાં પ્રવાહિત કરે છે. ત્યાર પછી જ સબરીમાલા મંદિરમાં જાય છે. પંપા ત્રિવેણી ઉપર ભગવાન શ્રી ગણેશની પૂજા પછી જ ભક્ત ચઠાણ શરૂ કરે છે. પહેલો પડાવ શબરી પીઠમ નામની જગ્યા એ થાય છે. માન્યતા છે કે અહિયાં રામાયણ કાળમાં શબરી નામની ભીલડીએ તપસ્યા કરી હતી. શ્રી અય્યપ્પના અવતાર પછી જ શબરીને મુક્તિ મળી હતી. તેની આગળ શરણમકુટ્ટી નામની જગ્યા આવે છે. પહેલી વખત આવવા વાળા ભક્ત અહિંયા શર (બાણ) દાટે છે. ત્યાર પછી મંદિરમાં જવા માટે બે રસ્તા છે. એક સામાન્ય રસ્તો અને બીજો ૧૮ પવિત્ર સીડીઓથી થઈને જાય છે. જે લોકો મંદિરમાં આવતા પહેલા ૧૪ દિવસ સુધી કઠીન વ્રત કરે છે, તે જ આ પવિત્ર સીડીઓથી થઈને મંદિરમાં જઈ શકે છે. આ ૧૮ પવિત્ર સીડીઓ પાસે ભક્તગણ નારીયેલ ફોડે છે. તેની પાસે જ એક હવન કુંડ છે. ધૃતાભિષેક માટે જે નારીયેલ લેવામાં આવે છે, તેનો એક ટુકડો આ હવન કુંડમાં નાખવામાં આવે છે, અને એક અંશ ભગવાનના પ્રસાદ તરીકે લોકો પોતાના ઘરે લઈ જાય છે. સબરીમાલા મંદિરમાં ભગવાનની પૂજાનો એક પ્રસિદ્ધ અંશ ઘી નો અભિષેક કરવાનો છે. શ્રધ્ધાળુઓ દ્વારા લાવવામાં આવેલા ઘી ને સૌથી પહેલા એક ખાસ વાસણમાં એકઠું કરવામાં આવે છે, પછી તે ઘી થી ભગવાનનો અભિષેક કરવામાં આવે છે.

આ મંદિરમાં દર્શન કરવા માટે કઠોર નિયમ પાળવામાં આવે છે. ભક્તોએ અહિંયા આવતા પહેલા ૧૪ દિવસ સુધી સમસ્ત લૌક્કિ બંધનોમાંથી મુક્ત થઈને બ્રહ્મચર્યનું પાલન કરવું જરૂરી છે. આ દિવસોમાં તેમણે વાદળી કે કાળા કપડા જ પહેરવા પડે છે. ગળામાં તુલસીની માળા રાખવાની હોય છે અને આખા દિવસમાં માત્ર એક વખત જ ભોજન કરવાનું રહે છે એ પણ સાદુ ભોજન. સાંજે પૂજા કરવાની હોય છે અને જમીન ઉપર સુવું પડે છે. આ વ્રતની પુર્ણાહુતી ઉપર એક ગુરુ સ્વામીના નિર્દેશનમાં પૂજા કરવાની હોય છે. મંદિર યાત્રા દરમિયાન તેમણે માથા ઉપર ઈરુમુડી રાખવાની હોય છે, એટલે કે બે થેલીઓ અને એક થેલો. એકમાં ઘી થી ભરેલું નારીયેલ અને પૂજા અને સામગ્રી હોય છે અને બીજામાં ભોજન સામગ્રી. તે લઈને શબરી પીઠની પરિક્રમા પણ કરવી પડે છે. ત્યારે તે યાત્રાળુઓને ૧૮ સીડીઓમાંથી પસાર થઈને મંદિરમાં પ્રવેશ કરવા મળે છે.

❄❄❄

# શા માટે

- ડૉ. કુમુદ પ્રમોદ ધારીઆ

ભારતીય સંસ્કૃતિની કેટલીક પ્રણાલિકાઓ અને રીતરિવાજો જાણવા જેવા છે અને સમજવા જેવા છે. આ સમજણના અનુસરણથી જીવનમાં ધન્યાતાનો અનુભવ થાય છે. ભારતીય સંસ્કૃતિ ખરેખર ઉમદા પરંપરાઓથી સમૃદ્ધ છે.

દિવડો શાસ્ત્રમાં શ્લોક ઉચ્ચારણથી પ્રજવલિત કરવાનું માન્ય છે. શાસ્ત્રના શ્લોક કે : 'દીપજ્યોતિ પરબ્રહ્મ દીપજ્યોતિર્જનાર્દન દીપો હરતુ મે પાપં દીપજ્યોતિર્નમોસ્તુતે !' અર્થાત દીવાની જ્યોત (પ્રકાશ) પરબ્રહ્મ છે. દીપજ્યોતિ જગતમાં દુઃખ હરનાર દેવ છે. 'હે દીપજ્યોતિ તમે મારા જીવનનાં પાપ નષ્ટ કરો ! હે દીપજ્યોતિ તમને હું શ્રધ્ધાથી નમસ્કાર કરું છું.' એવા ભાવ વ્યક્ત કરી દીવડાની જ્યોતને સિદ્ધ કરીએ છીએ. ત્યારબાદ બીજો શ્લોક ઈચ્છા હોય તો પ્રાર્થનાભાવથી વંદન કરી બોલાય છે,'દીપ જ્યોતિ : પરબ્રહ્મ દીપ : સર્વતોમોડ પહઃ ! દીપેન સાધ્યતે સર્વ સંધ્યાદીપો નમોસ્તુ તે' શ્લોકના અર્થની સમજણ સ્વામી ચિન્યાનંદ સમજાવે છે કે : 'હું સંધ્યા દીપકને અથવા સંધ્યા કાળે દીપકને વંદન કરું છું. તેનો પ્રકાશ પરમ ચૈતન્યસ્વરૂપ પરમાત્મા છે. તેના થકી અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થાય છે અને જ્ઞાન થકી જ જીવનમાં સર્વ પ્રાપ્તિ થાય છે. તેથી દીપ જ્યોતનું મહત્વ એ જ છે કે : 'મનોહર દીપજ્યોતિ સિવાય અન્ય કઈ વસ્તુથી ઘરમાં પવિત્રતા પ્રસરાવી શકાય.?' ગહન જ્ઞાનપ્રકાશ સિવાય ઘરનાં સભ્યોમાં કઈ રીતે તેજસ્વીતા પ્રસરી શકે ? આમ દીવો કરવાની પરંપરામાં બૌદ્ધિક અને આધ્યાત્મિક અર્થનો ભંડાર ભરેલો છે. દિવડાની જ્યોત ઉર્ધ્વગામી હોય છે : એ જ રીતે આપણે પણ ઉચ્ચતર આદર્શો પ્રતિ ગતિ થાય એવું જ્ઞાન સંપાદન કરવું જોઈએ એ વિચારધારાનું પ્રતિક દીવાની જ્યોત છે.

આપણે નમસ્તે કરીએ છીએ. શાસ્ત્ર પ્રમાણે નમસ્તે પરંપરાગત અભિવાદનનું પ્રતિક છે. અભિવાદનમાં આવકાર છે. એક સાંસ્કૃતિક પ્રણાલિકા છે અને એક પ્રકારની પૂજા-વિધિ પણ છે. બંન્ને હાથ જોડી નમસ્કારથી વડીલોનું સન્માન સચવાય છે. નમસ્તેની બીજી પ્રથા 'દંડવત' પ્રણામ છે જે ઈશ્વર પ્રતિ અભિવાદન છે. નમસ્તે કરવાથી પ્રણાલિકામાં દેખીતી જે ક્રિયા થાય છે તેનો ગુઢાર્થ એ છે કે સંસ્કૃત ભાષમાં નમ : + તે = નમસ્તે. આનો અર્થ એ છે કે હું તમને વંદન કરું છું. હું તમારું સ્વાગત કરું છું. સાથે-સાથે એવો બીજો શાબ્દિક આધ્યાત્મિક અર્થ એ છે બીજાની ઉપસ્થિતિમાં પોતાનો અહં ને નકારવો, ઓગાળવો. બે વ્યક્તિનું મિલન ખરેખર તો તેમની લાગણીનું હૃદય મિલન છે. જોડાયેલા હાથની જેમ આપણા મન પણ જોડાયેલા રહે એ ભાવ છે. નમસ્તે કરતી વખતે ઘણાં મનુષ્યોને જોયા છે. 'નમસ્તે કરે સાથે જય શ્રી કૃષ્ણ કે જય જીનેન્દ્ર કે જયસીયારામ' આસ્થા જેમાં હોય એ ભાવથી એકબીજાને વંદન કરે. આમ કરવાથી અજાણતા પણ પરમ તત્વને નમનની વાત છે. આ સંદર્ભને સમજીએ તો સમજાય કે બીજા પ્રત્યેનું આપણું અભિવાદન કેવળ બ્રાહ્ય દેખાવ પૂરતું કે શબ્દો પૂરતું મર્યાદિત ન રહેતાં અન્ય સાથે સાદર અને પ્રેમભર્યા વાતાવરણમાં એક ઊંડો સંવાદ રચાય.

હવન કરવા પાછળ મહત્વનું વર્ણન ઋગવેદમાં થયું છે. 'અ ગ્નિમીલે પુરોહિત યજસ્ય દેવં ઋત્વિજં હોતારં

રત્ન ધાતમમ' અર્થાત સદૈવ હિતકારી, પ્રકાશ સ્વરૂપ, સંગતિ કરનાર દેવોને બોલાવનાર, રમણીય રત્નો આપનાર, અગ્નિ હું સ્તુતિ કરું છું. હવનમાં તલ, ઘી વગેરે સ્વાહા થાય છે અને એ માટે કઈ આંગળીથી કયુ કાર્ય કરવું એ ઘણું મહત્વનું છે. દા.ત. બ્રાહ્મણ દ્વારા યજમાનને તિલક કરવા માટે કઈ આંગળી કે સ્વાહા માટે કઈ આંગળી. જમણા હાથની પાંચ આંગળીઓનાં મહત્વ વિશે જાણીએ. સૌથી વધુ જાડાઈ ધરાવતી આંગળીને આપણે અંગુઠો કહીએ છીએ એનું વાસ્તવિક નામ 'અંગુષ્ઠ' છે. અંગુઠાની બાજુની પહેલી આંગળી તર્જની કહેવાય છે. હાથની મધ્ય મોટી આંગળીનું નામ મધ્યમા છે. ત્રીજી આંગળીને અનામિકા કહેવાય છે. ઈંગ્લિશ ભાષામાં એ રીંગ ફિન્ગર કહેવાય છે. સૌથી નાની આંગળીને ટચલી આંગળી ને કનીષ્ઠિકા કહેવાય છે. પ્રાચીનકાળમાં બ્રાહ્મણો દ્વારા થતા તિલકનું એક આગવું મહત્વ હતું. પિત્રુ પૂજનની ક્રિયાની શરૂઆત બ્રાહ્મણ દ્વારા યજમાનને તિલક કરાય છે કારણ કે પહેલી આંગળી માર્ગદર્શનનું પ્રતિક ગણાય છે. દા.ત. કોઈ અજાણ્યો માણસ કોઈ રસ્તો શોધતો હોય અને એ આપણને રસ્તાનું માર્ગદર્શન કરવા વિનંતી કરે તો આપણે રસ્તાનું માર્ગદર્શન પહેલી આંગળી થી જ ચિંધીયે. તેથી ભાવાર્થ એ જ કે પિતૃઓ દ્વારા થાયેલા માર્ગદર્શન પર જીવન જીવીએ તો ક્યાંય અટવાઈ ન જવાય. તેથી પહેલી આંગણી (તર્જની) માર્ગદર્શક મનાય છે અને પિતૃઓની પીંડ પૂજા પર પણ તિલક તર્જનીથી થાય છે. બીજી મોટી આંગળી (મધ્યમા) મંગળ કામનાનું પ્રતિક મનાય છે. તેથી રાજા મહારાજાઓની મંગળ-કામના માટે બ્રાહ્મણ જમણા હાથની મોટી આંગળીથી તિલક કરતા. ત્રીજી આંગળી અનામિકા. આપણા હાથમાં આ આંગળીની નીચેનું ક્ષેત્ર સુર્યદેવનું ક્ષેત્ર ગણાય છે. તેથી આ આંગળી દ્વારા થયેલું તિલક સૂર્યદેવની તેજસ્વિતાનું પ્રતિક છે. હવનમાં સ્વાહા કરવા અનામિકા વપરાય છે. અનામિકા, અંગૂઠો અને મોટી આંગળી સાથે વરપાય છે કારણ કે અંગૂઠો ગુરુ તેમજ બ્રાહ્મણનાં તિલકનું પ્રતિક છે. અંગૂઠાથી થયેલા તિલકનો આકાર પૂર્ણ ગોળાકાર ઉપર વિજય-પતાકા જેવો દ્રશ્યમાન થાય છે. તેથી હવનમાં મોટી આંગળી એટલે કે મંગળ કામના, વિજય પતાકા લહેરાવવા માટે અંગૂઠો અને તેજસ્વિતાનાં પ્રતિક રૂપ અનામિકા એક સાથે વપરાય છે.

આપણે કોઈપણ પ્રાર્થના ના અંતે 'શાંતિ' ત્રણ વખત શા માટે બોલીએ છીએ, તો કારણ એમ મનાય છે કે શાંતિ અત્માની સહજ અવસ્થા છે. જ્યાં શાંતિ હોય છે ત્યાં સુખ હોય છે. પ્રત્યેક માનવી જીવનમાં શાંતિ ઈચ્છે છે પરંતુ અશાંતિના આવરણ નીચે ઢંકાયેલી હોવાથી શાંતિ પ્રાપ્ત થવી અઘરી લાગે છે. બાહ્ય ધાંધલ અને મુસીબતો વચ્ચે શાંત રહેવા માટે શાંતિનું આવાહન કરવા માટે આપણે પ્રાર્થના કરીએ છીએ. પ્રાર્થના કરવાથી અશાંત મન શાતં બની રહે છે. બહારની અશાંતિ ને નકારી શકે છે. તેથી પ્રાર્થનાનાં અંતે ત્રણ વખત શાંતિ શાંતિ શાંતિ બોલાય છે. પરંતુ શાંતિ પાઠ અંતર મનથી, એકાગ્રતાથી થાય તો જ મન શાંત થઈ શકે છે. આજનાં સમયમાં આ ક્રિયા માટે મેડીટેશન શબ્દ વપરાય છે. જેનો અર્થ 'ધ્યાનમાં' બેસવું. યોગ શાસ્ત્રમાં ધ્યાન, એકાગ્રતાનું ખૂબ મહત્વ છે.

આપણે પ્રદક્ષિણા શા માટે કરીએ છીએ ? તો કારણ એ છે કે મધ્યબિંદુ વિના વર્તુળ દોરી શકાતું નથી. ઈશ્વર આપણા જીવનનું મધ્યબિંદુ, ઉદ્‌ભવ સ્થાન અને સારતત્વ છે. તેને આપણે મધ્યબિંદુ ગણીને આપણા દૈનિક કાર્યો કરતા હોઈએ છીએ. પ્રદક્ષિણાનો આ


ભાવાર્થ છે અને વર્તુળ ઉપરનું પ્રત્યેક બિંદુ કેન્દ્રથી સમાન અંતરે આવેલું હોય છે. એનો અર્થ એવો છે કે આપણે જ્યાં હોઈએ, ઈશ્વરની સમીપ જ છીએ. ઈશ્વર કૃપા આપણી તરફ વહેતી હોય છે. આજ સમજણ છે પ્રદક્ષિણાની. આપણે મંદિરમાં દર્શન કરી, મંદિરના ગર્ભાગારની પ્રદક્ષિણા કરીએ છીએ. આપણે જેની મૂર્તિ સ્વરૂપ પૂજા કરીએ છીએ તે જ પરમાત્મા સર્વ જીવોનાં હૃદયમાં જ છે. પ્રદક્ષિણા કરતી વખતે સંસ્કૃત શ્લોક એ છે,'યાની કાની ચ પાપાની જન્માન્તરકૃતાની ચ ! તાનિ તાનિ વિનશ્યન્તિ પ્રદક્ષિણા પદે પદે !. અર્થાત માણસે જાણે અજાણે જે પાપ કર્યા હોય તે પ્રદક્ષિણાનાં પગલે પગલે તેનો નાશ થાય.

આપણે ૐ શા માટે બોલીએ છીએ ? આપણાં ભારત દેશમાં સૌથી વધુ બોલાત મંત્ર ૐ છે. આ મંત્ર જાપ કરનારના મન અને શરીર ઉપર અને આસપાસના વાતાવરણ ઉપર ઘણો શુભ પ્રભાવ પડે છે. મનાય છે કે પ્રતમ શબ્દ ઓમકાર છે. મોટાભાગનાં મંત્રો અને વૈદિક સ્તુતિઓની શરૂઆત ૐ ના મંત્રોચ્ચારથી થાય છે. બધા કાર્યોનો શુભારંભ પણ ૐ ના મંત્રોચ્ચારથી થાય છે. અભિવાદન અને સ્વાગતમાં પણ 'હરિ' બોલાય છે. તેનાં આકારનું ધ્યાન ધરાય છે. એ આકાર શુભ ચિન્હ તરીકે વપરાય છે. ૐ શબ્દ ઈશ્વરનું વૈશ્વિક નામ છે. તે અ, ઉ અને મ ત્રણ મૂળાક્ષરોનો બનેલો છે. ગળામાં આવેલા નાદ દંતુઓમાંથી પહેલો ધ્વનિ 'અ' હોય છે. બંન્ને હોઠ ગોળાકારમાં આવે છે ત્યારે 'ઉ' બોલાય છે અને હોઠ બીજાડી જાય ત્યારે 'મ' શબ્દનો ઉચ્ચાર થાય છે. આ ત્રણ અક્ષર જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાનાં બ્રહ્મા-વિષ્ણુ-મહેશ એટલે કે શિવજી. દેવત્રિપૂટીનાં ઋક, સામ અને યજુર એ ત્રણ વેદોના ભૂ ભુર્વઃ સ્વઃ એ ત્રિલોકના પ્રતિક છે. નિરંજન, નિરાકાર બ્રહ્મ એ ૐ ના ઉચ્ચાર મધ્યની શાંતિ છે. ૐ ને પ્રણવ પણ કહે છે. વેદોનો સમગ્ર સાર ૐ છે.

એવી કથા છે કે ઈશ્વરે સૃષ્ટિનાં સર્જનની શરૂઆત ૐ અને એનાં અર્થનો મંત્રોચ્ચાર કરીને કરી હતી. તેથી કોઈ પણ શુભકાર્યનો આરંભ ૐ કારનાં ઉચ્ચારણથી કરવામાં આવે છે. ઘંટનાદમાં ૐ કારનો પ્રતિધ્વનિ સંભળાય છે. તેથી મનને શાંતિ મળે છે અને એકાગ્રતા સધાય છે. અતિ પ્રચલિત ૐ નું રૂપ શ્રી ગણેશજીનું પણ પ્રતિક છે. ઉપરનો અર્ધ વર્તુળાકાર તે મસ્તક છે. નીચોનો મોટો અર્ધવળાંક પેટ છે અને બિંદુ સહિતનું અર્ધવર્તુળ શ્રી ગણેશજીનાં હાથમાં રહેલો લાડુ છે.

તેથી ૐ સર્વસ્વ છે. જીવનનું સાધન અને સાધ્ય, જગત અને તેની પાછળનું સત્ય, જડ અને ચેતન, આકાર અને નિરાકાર આ બધું જ ૐ કારમાં સમાયેલું છે. ✲ ✲ ✲


।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જયો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**

(બી.એ.વીથ સંસ્કૃત) (જયોતિષ વિશારદ મુંબઈ)

**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોકત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**

**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં માહે માર્ચ ૨૦૨૩ ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

મેડીકલ, ગાયનેક, સર્જીકલ, ઓપીડી તેમજ સર્જીકલ ડ્રેસીંગ, આંખ, માનસિક, સોનોગ્રાફી, મોબાઈલ, ફિઝીયોથેરાપી તેમજ ઈમરજન્સીમાં કુલ ૬૯૩૮ દર્દીઓએ, એક્ષરે વિભાગમાં ૩૯૩ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં કુલ ૪૫૪૨ દર્દીઓએ લાભ લીધેલ છે. સર્જનના મેજર ઓપરેશન ૦૪, માયનોર ઓપરેશન ૧૪, ગાયનેકના મેજર ૪૧ ઓપરેશન પૈકી ૧૦ કુટુંબ કલ્યાણનાં તથા માયનોર ઓપરેશન ૦૫ તથા ઈ.એન.ટી. માયનોર ૨૯ ઓપરેશન તેમજ આંખના મેજર ઓપરેશન ૨૨૭ કરવામાં આવેલ છે. તેમજ દવાની કુલ માફી રૂા. ૯૨૮૮૯૯/- તેમજ ઈનડોરમાં રૂા. ૧૦૧૯૨૫/- ની માફી તેમજ ઓ.પી.ડી.માં (લેબ, એક્ષરે, ઓક્સિજન વિગેરેમાં) રૂા. ૫૮૫૪૦/-ની માફી મળીને કુલ રૂા. ૧૦૮૯૩૬૪/- ની માફી કરવામાં આવેલ છે.

**હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ**

૧. **કુસુમબેન કિર્તનલાલ પારેખ છારીનો કેમ્પ :** તા. ૧૭.૦૩.૨૦૨૩ ના રોજ ૨૯ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

૨. **મણીબેન મોહનલાલ શાહ (વસનજી) તથા રમતીબેન રમણલાલ કડકીઆ (ટોકરશી) ઈકો કેમ્પ : તા.** ૦૨.૦૩.૨૦૨૩ ના રોજ ૪૬ દર્દીઓના તથા તા. ૧૬.૦૩.૨૦૨૩ ના રોજ ૪૧ દર્દીઓના ઈકો રાહત દરે કરવામાં આવેલ.

**કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશીયાલીટી સેન્ટર**માં માહે માર્ચ ૨૦૨૩ ના માસ દરમ્યાન ફીજીશીયન, ઈ.એન.ટી., ઓર્થો, સ્કીન, ડેન્ટલ, ઈમરજન્સી તેમજ ગેસ્ટ્રોલોજીનાં મળી કુલ ૧૯૭૮ દર્દીઓએ તથા ઈનડોર માં ૧૨૫ દર્દીઓએ, એક્ષરે વિભાગમાં ૨૫૭ દર્દીઓએ તેમજ પેથોલોજી વિભાગમાં ૯૯૪ દર્દીઓએ તેમજ સીટીસ્કેન વિભાગમાં ૬૯ દર્દીઓએ લાભ લીધેલ છે. રૂા. ૧૦૭૮૨/- ની દવા માફી કરવામાં આવેલ છે તથા ડાયાલીસીસમાં સરકારશ્રીની યોજના હેઠળ ૨૨૯ દર્દીઓએ લાભ લીધેલ છે.

**શ્રીમતી તરુલતા મોદી (દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ સર્વરોગ નિદાન કેમ્પ :** કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ સંચાલિત કે.એસ.પી. સુપર સ્પેશીયાલીટી સેન્ટરમાં તા. ૯-૪-૨૦૨૩ રવિવારના રોજ સવારે ૧૦ થી ૧ દરમિયાન શ્રીમતી તરુલતા મોદી (દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ સર્વ રોગ નિદાન કેમ્પ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કાર્ડીઓલોજીના ૫૮, ન્યુરોલોજીના ૧૬, ઓર્થોપેડીકના ૧૨, યુરોલોજીના ૦૨, તેમજ કેન્સરનો ૦૧ દર્દીઓ મળીને વિવિધ રોગોના કુલ ૧૦૨ દર્દીઓ નોંધાયેલા. આ તમામ દર્દીઓનું વિના મુલ્યે નિદાન કરવામાં આવેલ. તે પૈકી ૧૬ દર્દીઓના ઈ.સી.જી. તેમજ ૩૬ દર્દીઓના ઈકો ફ્રી કરવામાં આવેલ.

આ કેમ્પમાં અમદાવાદની સ્ટર્લીંગ હોસ્પિટલના ડૉક્ટરોની ટીમનો સહયોગ મળેલો. આ કેમ્પમાં ડૉ. રાહુલભાઈ જોષી (હૃદય રોગ નિષ્ણાંત), ડૉ. અંકિત વૈષ્ણવ (મૂત્રમાર્ગ સંબંધિત રોગોના નિષ્ણાત), ડૉ. જયેશભાઈ દેસાઈ (હૃદય રોગ સર્જરીના નિષ્ણાંત), ડૉ. જય ઢઢાણીયા (કેન્સર રોગોના નિષ્ણાંત), ડૉ. રૂતુલ દવે (કિડનીના રોગોના નિષ્ણાંત), ડૉ. પૂજા શ્રીવાસ્તવ (સંધિવાના નિષ્ણાંત), ડૉ. પ્રતિક જૈન (ડૉ. સુધીર શાહ ટીમ - મસ્તિષ્કના રોગોના નિષ્ણાંત), સ્ટર્લીંગ હોસ્પિટલ અમદાવાદના ડૉક્ટરોની ટીમે સેવાઓ આપેલ.

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન :**

૧) શ્રીમતી નિશિતા જયેશ શાહ (નગરશેઠ) (નર્સિંગ કોલેજના વિવિધ વિભાગોના નામકરણ માટે) રૂા. ૩૦,૦૦,૦૦૦/-

૨) શ્રી બાલાસિનોર વિદ્યા મંડળ રૂા. ૬,૦૦,૦૦૦/-

૩) શ્રી સતીષભાઈ આર. લાકડાવાલા રૂા. ૫૦,૦૦૦/-

૪) શ્રી અન્નપૂર્ણા ફાર્મ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ રૂા. ૧૦,૦૦૦/-

જ્યોતીપુંજના ગત અંકમાં નર્સિંગ કોલેજના બાંધકામ માટે જે અપીલ કરવામાં આવી હતી તે અપીલનો સર્વે સખાવતી દાતાશ્રીઓએ યોગ્ય પ્રતિસાદ આપવા અને ઉદાર હાથે દાન આપવા વિનંતી. સ્કીમો અંગે શ્રી વ્રજેશભાઈ દેસાઈ (૯૮૨૦૦૩૯૩૦૪) તેમજ આ અંગે અપીલમાં જણાવેલ હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓનો સંપર્ક કરવા વિનંતી.

**સુધારો :** માર્ચ - ૨૦૨૩ના અંકમાં કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટના સખાવતી દાતાશ્રીઓના સન્માન સમારંભમાં ટ્રસ્ટના માજી પ્રમુખ મુ. શ્રી વસંતભાઈ શાંતિલાલ પરીખ ખાસ બાલાસિનોર મુકામે હાજર રહેલા જેનો શરતચૂકથી ઉલ્લેખ કરવાનો રહી ગયો હતો. જેને દરગુજર કરવા વિનંતી.

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટને એ.એન.એમ. નર્સિંગ કોર્સ તથા બી.એસ.સી. નર્સિંગ કોલેજની ગુજરાત નર્સિંગ કાઉન્સિલ તરફથી મળેલ માન્યતા મુજબ આ બેઉ કોર્સ ચાલુ થઈ ગયેલ છે.

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત યોજનામાં રૂા. ૧૧૦૦૦/-** નો ફાળો નોંધાવી ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવા સહભાગી થવા વિનંતી.

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં રૂા. ૫૦૦૦/- ભરી આજીવન સભ્ય થવા વિનંતી.**

**શ્રી પરેશ પરીખ / શ્રી જતીન દેસાઈ - માનદ્ મંત્રીશ્રીઓ**

---

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

સર્વે જ્ઞાતિજનો,

સહર્ષ જણાવતાં આનંદ થાય છે કે, વાડાસિનોર દશાનીમા વણિક સમાજના વિધવા સ્ત્રી વર્ગના સશક્તિકરણ માટે સમાજ દ્વારા પ્રાયોગીક ધોરણે નીચે જણાવેલ કાર્ય હાથ ધરવામાં આવશે.

આપણા સમાજની આર્થિક રીતે અશક્ત વિધવા સ્ત્રી વર્ગને પગભર બનાવવા સ્ત્રીઓને કોઈ પણ જાતના વ્યવસાય કરવા માટે સમાજ દ્વારા આર્થિક મદદ આપવામાં આવશે.

જો કોઈ બહેનો સમાજ દ્વારા રજુ કરાયેલ આ સેવાનો લાભ લેવા ઈચ્છતા હો તો વધુ જાણકારી માટે શ્રી નીમિશ મનહરલાલ કડકીઆ (મલમ) (૯૮૧૯૪૩૭૩૨૧) તથા શ્રી કાર્તિકેય રસિકલાલ કડકીઆ (૯૮૨૦૦૩૦૮૪૨) નો સંપર્ક સાધશો અથવા સમાજના હોદ્દેદારોનો પણ સંપર્ક સાધી શકશો.

**કારોબારી સમિતિ વતી - શ્રી મંજુલ ધારીઆ, શ્રી અનીશ ગાંધી તથા શ્રી સમીર શાહ માનદ્ મંત્રીઓ**

---

## પ્રકીર્ણ વિભાગ

### મૃત્યુ નોંધ


| | ઉ.વ. |
|---|---|
| D પ્રવીણચંદ્ર લલ્લુભાઈ પરીખ (રોકડીયા) | ૯૩ |
| D નિરંજન છોટાલાલ પરીખ (બંગાળી) | ૮૫ |
| D ચંદ્રકાંત (બાબુભાઈ) મોજીલાલ શાહ (ચટઈ) | ૯૫ |
| D જયંત પૂનમચંદ કડકીઆ (USA) (હાલોલવાળા) | ૭૯ |
| D બાબુભાઈ (કુંજબિહારી) હીરાલાલ ધારીઆ (જાલીવાલા) | ૯૦ |
| D અરવિંદ મુળજીભાઈ મોદી | ૮૦ |
| D દમિતીબેન દિનેશ શેઠ | ૮૩ |
| D ચેતનાબેન કંચનલાલ મોદી (લોખંડવાળા) | ૭૦ |

**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

Authorised Distributors

# POLYCAB
WIRES & CABLES



- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

**AMRISH KACHARIA** +91 9769025153

# PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

WPP License No. MR/TECH/WPP-147/South/2021-23
Regd.No.MCS / 050 / 2021-23
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month

Celebrating 45 Years

ANUKOOL selections®

BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH
RASESH PAREKH

542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.Contact: 2361 2848 - 2369 4166, 9930635579
E: anukoolselections@gmail.com, W: www.anukoolselections.com

Celebrating 25th Year

IES®

INTEGRATED ENTERTAINMENT SOLUTIONS®
Your Indian Distribution Partner
Intelligent Pro-Lighting, Pro-Sound & AV Distribution

ROBE® AVOLITES MADRIX LIGHTING CONTROL HK AUDIO
ANOLIS Lucenti ASHLY lumenradio Luminex CAPTURE PENTON DJPOWER

Concept • Design • Installation • Supply • Training • Maintenance
E: iesolns@gmail.com W:www.iesolns.com. Rasesh Parekh: 9821125579

To,

If not delivered please return to
JYOTI PUNJ
Shree Balasinor Navyuvak Sangh
118/120, Ardeshar Dadi Street, 2nd Floor,
V.P.Road, Mumbai - 400004.

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh &
Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli
Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.